જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૩/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૩૧/૧૭**

**કંટ્રોલરૂમ :**

અમદાવાદ શહેર કંટ્રોલરૂમ ખાતે આજરોજ તા.૧/૩/૨૦૧૭ નાં કલાક ૧૫/૨૦ નાં મેસેજ આધારે એક અજાણ્યા ઇસમે પોતાનું નામ નહીં જણાવી સંદેશો પાઠવેલ કે "માનવમંદિરની સામે આવેલ હેવર આર્કેટ પાઇપ્સ એન્ડ પપ્શ સદરી જગ્યાએ હુક્કાબાર ચાલે છે" આ મેસેજ કંટ્રોલરૂમને મળતાં, મેસેજની ગંભીરતાને ધ્યાને લઇ, તાત્કાલીક અસરથી મેસેજને કંટ્રોલરૂમ દ્વારા વસ્ત્રાપુર વનગાડીને આપી, કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ જણાવવામાં આવેલ.

જેનાં પરિણામ સ્વરૂપે વસ્ત્રાપુર પો.સ્ટે.પો.ઇન્સ.શ્રી બી.જે.સરવૈયા તથા તેમની સાથેનાં પો.કો.જાહેદખાન, પો.કો.દેવજીભાઇ, હે.કો.પ્રવિણભાઇ, પો.કો.દિપકભાઇ, પો.કો.અશોકભાઇ અને ડ્રાઇવર પો.કો.યુવરાજસિંહ નાઓ સાથે સમય સુચકતા વાપરી સદરી જગ્યાએ જઇ અસરકારક રેઇડ પાડતાં સદર જગ્યાએથી હુક્કાબારનાં મેનેજર મહેન્દ્ર મધુકર મલ્લે (રહે.મોગરાવાડી, વલસાડ) ને પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ઉપરાંત આ કેસમાં હુક્કાબારનાં માલીક વિશાલ ભાનુશાલી ને વૉન્ટેડ બતાવવામાં આવેલ છે. સદરી જગ્યાએથી ત્રણ સગીર ઉંમરનાં યુવાનો પણ મળી આવેલ છે. જે બાબતે જુએનાઇલ જસ્ટીસ એક્ટ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હુક્કાબારમાં રેઇડ પાડી હુક્કાબારમાંથી કુલ ૧૦ હુક્કા અને રૂપીયા ૪,૫૦૦/- મતાની હુક્કાની ફ્લેવરો કબ્જે કરવામાં આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)